ગુજરાત સરકાર – શિક્ષણ વિભાગ - GCERT
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - ઇડર
DISTRICT INSTITUTE OF EDUCATION AND TRAINING (DIET)
સરનામું : ઇડર, લાલોડા રોડ, જિલ્લો : સાબરકાંઠા, PIN : 383430, EMAIL : dietidar@gmail.com

જાવક નંબર :

પ્રતિ,

SVS કન્વીનરશ્રી, તમામ, જિલ્લો : સાબરકાંઠા।

બી.આર.સી.કો.ઓ.શ્રી, તાલુકા : તમામ, જિલ્લો : સાબરકાંઠા।

વિષય : વર્ષ 2026-27 માટે હાથ ધરવાના સંશોધનો માટે રસ ધરાવતા શિક્ષકોના રજીસ્ટ્રેશન બાબત...

સંદર્ભ : 1. માન. રીડરશ્રી, સંશોધન શાખા, જીસીઈઆરટી, ગાંધીનગરના તા. 05/11/2026 ના પત્ર ક્રમાંક : જીસીઈઆરટી/સંશોધન/2026-27/25873-906

2. માન. રીડરશ્રી, સંશોધન શાખા, જીસીઈઆરટી, ગાંધીનગરના તા. 06/11/2026 ના પત્ર ક્રમાંક : જીસીઈઆરટી/સંશોધન/2026-27/25919-52

3. માન. રીડરશ્રી, સંશોધન શાખા, જીસીઈઆરટી, ગાંધીનગરના તા. 07/11/2026 ના પત્ર ક્રમાંક : જીસીઈઆરટી/સંશોધન/2026-27/26196-296

નમસ્કાર,

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે જીસીઈઆરટી ગાંધીનગર દ્વારા શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે સંશોધન કરતા શિક્ષકોને પ્રોત્સાહન મળે તે માટે ડાયટ કક્ષાએ એક તાલીમ વર્ગનું આયોજન ડિસેમ્બર 2026 ના પ્રથમ સપ્તાહમાં કરવામાં આવનાર છે. તે માટે નીચેની સૂચનાઓને ધ્યાનમાં રાખીને આપના તાબાના સંશોધનમાં રસ ધરાવતા શિક્ષકો દ્વારા આ પત્ર સાથે સામેલ લિંકમાં રજીસ્ટ્રેશન કરવા સૂચના આપવામાં આવે છે.

1. ડાયેટ ઇડર દ્વારા દરવર્ષની જેમ આ વર્ષે પણ મેજર સંશોધન, રિસર્ચ પેપર પ્રપોઝલ અને ક્રિયાત્મક સંશોધન માટે માર્ગદર્શન આપવામાં આવશે.
2. રજીસ્ટ્રેશન કરતાં પહેલા આ પત્ર અને સાથે સામેલ વિષયો/ક્ષેત્રોનો અભ્યાસ કરવો.
3. **સંશોધનમાં રસ ધરવતા શિક્ષકોએ આ સાથે સામેલ લિંક અથવા QR કોડનો ઉપયોગ કરીને તારીખ 25/11/2026 સુધીમાં ગુગલ ફોર્મ ફરજીયાત ભરવાનું રહેશે.**
4. ગુગલ ફોર્મ ભરનાર શિક્ષકો પૈકી જીસીઈઆરટીની સુચના મુજબ તાલીમ માટે શિક્ષકોની પસંદગી ડાયેટ, ઇડર દ્વારા કરવામાં આવશે.
5. આ વર્ષે સંશોધન માટેની પસંદગીનો હક પ્રાચાર્યશ્રીની અધ્યક્ષતાવાળી DRAC ને રહેશે. તેમનો નિર્ણય આખરી ગણાશે.
6. પસંદગી પામેલ શિક્ષકોને વિગતવાર માર્ગદર્શન અને અન્ય સામાન્ય સૂચનાઓ તાલીમ વર્ગમાં આપવામાં આવશે.
7. તાલીમવર્ગ માટે પસંદગી પામેલ શિક્ષકોએ ફરજીયાત તાલીમવર્ગમાં સંશોધન બાબતે કરેલી પોતાની પ્રાથમિક તૈયારી સાથે હાજર રહેવું.
8. વધુ વિગતો અને માર્ગદર્શન માટે સંપર્ક કરો. :9879084087 **(અશ્વિન એમ. પટેલ, સિ.લે., ડાયેટ ઇડર)**

શૈક્ષણિક સંશોધન રજીસ્ટ્રેશન ફોર્મ

લિંક : **https://forms.gle/tAS9comtN9iuoBAB9**

બિડાણ : સંશોધન માટે સૂચિત વિષય/ક્ષેત્રોની વિગત

આભાર સહ,

ડૉ. મદનસિંહ ચૌહાણ

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

ઈડર, સાબરકાંઠા

નકલ સવિનય રવાના :

1. માન. રીડરશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર (જાણ સારુ)
2. માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સાબરકાંઠા (જાણ અને અમલ સારુ)
3. માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સાબરકાંઠા (જાણ અને અમલ સારુ)

GCERT સંશોધનો માટેનાં નીચે મુજબના પાંચ મુખ્ય ક્ષેત્રો ઉપરાંત નીચે મુજબના અન્ય ક્ષેત્રોને ધ્યાને લઈ સંશોધનો હાથ ધરવા.

ક્ષેત્ર-૧: શાળા છોડવાનો દર અને તેના કારણો અને આ સમસ્યાના નિવારણ માટેનાં અસરકારક ઉપાયો અંગે સંશોધન (Drop out related research)

વિદ્યાર્થીઓના શાળા છોડવાના દર તથા તેના કારણો અને આ સમસ્યાનાં નિવારણ માટેનાં અસરકારક ઉપાયો અંગે સંશોધન હાથ ધરવા . શાળા છોડવા પાછળનાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક તથા અન્ય પરિબળોનો અભ્યાસ કરી શાળા છોડવાનો દર ઘટાડવા માટેની અસરકારક કામગીરી અંગે સંશોધન હાથ ધરવું.

ક્ષેત્ર-૨: માનસિક સ્વાસ્થ્ય અને પરામર્શ (Mental health and well being of Students)

વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય, ભાવનાત્મક સુખાકારી, તણાવ તથા અન્ય સંબંધિત પડકારોનો અભ્યાસ કરવા સૂચન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન અને પરામર્શ મળી રહે તે માટેની અસરકારક વ્યવસ્થાઓ અંગે સંશોધન હાથ ધરવું.

ક્ષેત્ર-૩: FLN – NIPUN

પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (FLN) તથા NIPUN ભારત અંતર્ગત નક્કી કરવામાં આવેલ લક્ષ્યોની પ્રાપ્તિ અંગે સંશોધન હાથ ધરવા . વિદ્યાર્થીઓની વર્તમાન શૈક્ષણિક સ્થિતિ, અધ્યયનમાં જોવા મળતા પડકારો તથા તેમાં સુધારો લાવવા માટેની અસરકારક શિક્ષણપદ્ધતિઓનો અભ્યાસ કરી શકાય.

ક્ષેત્ર-૪: IKS અને મૂલ્યઆધારિત શિક્ષણ

ભારતીય જ્ઞાન પરંપરા (IKS) તથા મૂલ્યઆધારિત શિક્ષણને ધ્યાનમાં રાખીને સંશોધન હાથ ધરવા. હાલના અભ્યાસક્રમમાં ભારતીય જ્ઞાન પરંપરાના કયા તત્વો સમાવિષ્ટ છે તેની ઓળખ કરી, જરૂરી જણાય ત્યાં IKSને અભ્યાસક્રમ સાથે વધુ અસરકારક રીતે જોડવા અંગે સંશોધન કરવું.

ક્ષેત્ર-૫: HPC (Holistic Progress Card)

ગુજરાત રાજ્યમાં પાયાના તબક્કાના (foundational stage) સર્વાંગી પ્રગતિ પત્રક (HPC)ના અમલીકરણની અસરકારકતાનો અભ્યાસ તથા પ્રારંભિક અને મધ્ય તબક્કાના HPCના અસરકારક અમલીકરણ માટેનાં માળખા સંદર્ભે સંશોધન હાથ ધરવા.

આ ઉપરાંત,

- ભારતીય મૂલ્યવ્યવસ્થા (Indian Value System) પર ભાર મૂકતા સંશોધનો હાથ ધરવા.
- વિજ્ઞાન પ્રવાહ (Science Stream)માં વિદ્યાર્થીઓનું નામાંકન વધારવા માટેના ઉપાયો તથા નામાંકન ઓછુ થવાના સંભવિત કારણો અંગે સંશોધન હાથ ધરવું.
- અંગ્રેજી વિષયનાં શિક્ષણ-અધ્યયન સાથે સંકળાયેલા વિવિધ પાસાઓ અંગે સંશોધન હાથ ધરવું.
- વિદ્યાર્થીઓના Dropout અંગે કક્ષાવાર (Level-wise) સંશોધન હાથ ધરી તેના કારણો તથા સંભવિત ઉપાયો ઓળખવા.
- પાયાના શૈક્ષણિક પ્રશ્નો અંગે ચિંતન-મનન કરી ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણમાં નડતી સમસ્યાઓ પર સંશોધન હાથ ધરવું.
- શૈક્ષણિક સમસ્યાના સંભવિત કારણોની ઓળખ કરી તેના નિરાકરણ માટે પરિણામલક્ષી સંશોધન હાથ ધરવું.
- દરેક ધોરણ અને વિષયવાર વિદ્યાર્થીઓમાં રહેલી Learning Difficultiesની ઓળખ કરી તેના નિવારણ માટે સંશોધન હાથ ધરવું.
- ઉચ્ચ શિક્ષણમાં રહેલા સંશોધન અંતર (Research Gap)ને ઓળખી તે અંગે સંશોધન હાથ ધરવું.

****